પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૧૭, મંગળવાર ; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાશ્મીરમાં પીડીપી નેતાનુ આતંકી હૂમલામાં મોત



પુલવામામાં આતંકવાદી હૂમલામાં ઈજાગ્રસ્ત પીડીપીના નેતા અબ્દુલગનીનુ હોસ્પિટલમાં નિધન થયુ હતુ. તેઓ શ્રીનગરમાં અન્ય પીડીપી નેતાઓને મળવા જઈ રહ્યા હતા. આ દરમ્યાન આતંકવાદીઓએ તેમની કાર પર ગોળીબાર કર્યો હતો.

### બનાવટી પાસપોર્ટ કેસમાં ડોન છોટા રાજન દોષિત

નવી દિલ્હી,તા. ૨૪



અંડરવર્લ્ડ ડોન અને ગેંગસ્ટર રાજેન્દ્ર સદાશીવ નિખલજે ઉર્ફે છોટા રાજન અને અન્યોને આજે બનાવટી પાસપોર્ટ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. દિલ્હીની એક કોર્ટ દ્વારા તેમને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. સીબીઆઈના ખાસ જજ વિરેન્દ્રકુમાર ગોયલે બનાવટી પાસપોર્ટ રાખવાના મામલામાં છોટા રાજનને અપરાધી ઠેરવ્યો હતો.

# છત્તીસગઢમાં નકસલી હુમલામાં ૨૭ જવાનો શહીદ

## સુકમામાં ચિંતાગુફા પાસે બુરકાપાલમાં હુમલો : સીઆરપીએફના અન્ય સાત જવાનો ગંભીર રીતે ઘાયલ દાંતેવાડા જિલ્લામાં નકસલવાદીઓ દ્વારા ૧૦ કિલોનો પ્રચંડ બોમ્બ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યો





રાયપુર,તા. ૨૪

છત્તીસગઢના સુકમા જિલ્લામાં નકસલવાદીઓ સાથે ફરી એકવાર સીઆરપીએફના જવાનોની ભીષણ અથડામણ થઈ છે. નકસલીઓના આ હુમલામાં સીઆરપીએફના ૨૭ જવાનો શહીદ થયા હોવાના અહેવાલ મળ્યા છે. આ ઉપરાંત સીઆરપીએફના સાતથી વધુ જવાનો ઘાયલ પણ થયા છે. જેથી શહીદ થયેલા જવાનોની સંખ્યામાં વધારો થવાની દહેશત દેખાઈ રહી છે. ભીષણ અથડામણમાં સીઆરપીએફના જવાનો ઘેરાઈ ગયા હતા. ખૂબ જ છુપી રીતે નકસલીઓએ આ હુમલો કર્યો હોવાની વિગત મળી રહી છે. રાજ્યના સુકમા જિલ્લામાં આ અથડામણ થઈ હતી. મળેલી માહિતી મુજબ સુકમામાં ચિંતાગુફા નજીક બુર્કાપાલમાં નકસલવાદીઓએ છુપો હુમલો કર્યો હતો. આજે ઘટના આજે બપોરે દોઢ વાગ્યાની આસપાસ બની હતી. સીઆરપીએફની ૭૪મી બટાલિયન રોડ ઓપનિંગ માટે નીકળી હતી. એ જ વેળા છુપાયેલા નકસલવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. અલબત્ત જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી પરંતુ એકાએક કરવામાં આવેલા આ હુમલાના લીધે સીઆરપીએફના ૨૭ જવાન શહીદ થઈ ગયા હતા. સોમવારના દિવસે જ રાજ્યમાં દાંતેવાડા જિલ્લામાં બોમ્બ નિષ્ક્રિય કરતી ટુકડીએ નકસલવાદીઓ દ્વારા પ્લાન્ટ કરવામાં આવેલા ૧૦ કિલોના બોમ્બને નિષ્ક્રિય કરી દેવામાં સફળતા મેળવી

● અનુસંધાન પાન-૭ પર

# પથ્થરબાજી મામલે મહેબુબાની મોદી સાથે ચર્ચા

## પથ્થરબાજીના જવાબમાં ગોળીબાર કરવાથી સ્થિતીમાં સુધારો થશે નહી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે વાતચીત મારફતે ખીણમાં સ્થિતીને હળવી કરવામાં મદદ મળશે : મહેબુબા કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ, કાયદો અને વ્યવસ્થા સહિતના મુદ્દા છવાયા

નવી દિલ્હી,તા. ૨૪

જમ્મુ-કાશ્મીરમાં જારી હિંસા અને ભાજપ-પીડીપી વચ્ચેના સંબંધોમાં પડેલી તિરાડના પડછાયા હેઠળ આજે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં મહત્વપૂર્ણ વાતચીત કરી હતી. વાતચીત આશરે અડધા કલાક સુધી ચાલી હતી. આ વાતચીતમાં કાશ્મીરમાં પથ્થરબાજોને લઈને ઉભી થયેલી સ્થિતિ, રાજ્યમાં સત્તારૂઢ ગઠબંધનને બચાવી લેવાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. મુફતીએ મોડેથી કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે પણ વાતચીત કરી હતી. બેઠકમાં કાશ્મીરના પથ્થરબાજોના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. આશરે અડધા કલાક સુધી વાતચીત ચાલી હતી. પેટા ચૂંટણીમાં ઓછા મતદાનનો મુદ્દો પણ છવાયો હતો. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા મુફ્તિએ કહ્યુ હતુ કે કાશ્મીરમાં એકએકા પથ્થરમારાના બનાવો વધી ગયા છે. તેમણે કહ્યુ હતુ કે અન્ય મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો

આંદામાન-નિકોબાર

લેહ-લદાખ (નુબ્રાવેલી-પેંગોગ) | દાર્જીલીંગ (ગંગટોક-લાચુંગ-પેલીંગ) | સિમલા (મનાલી-ડેલ-અમૃત) | ભુતાન (પારો-થિમ્પુ-પુનાખા)

સ્પે. કેરાલા (મુન્નાર-થેકડી) | કાશ્મીર (ગુલમર્ગ-પહેલગામ) | નૈનિતાલ (કોર્બેટપાર્ક-મસૂરી) | ચારધામ (બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી)

Since 1951

નૂતન ટ્રાવેલ્સ

26562324/22
9427455274
9408643756

કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

ગુજરાતની પહેલી પ્રીમિયર બિઝનેસ ક્લબ

મનોરંજનનું મનોરંજન, બિઝનેસનો બિઝનેસ




GIFT INTERNATIONAL CENTRE

સભ્યપદ મેળવવા, પૂછપરછ કરવા માટે અથવા તો અમારી રૂબરૂ મુલાકાત લેવા આ નંબર પર ફોન કરો:

ફોન: ૦૭૯ ૩૨૦૦૩૨૦૦, +૯૧ ૭૫૭૪૮૯૩૩૯૬, ૭૫૭૪૮૯૩૩૯૭ | ઈ-મેઈલ પર લખી મોકલો: Info@thegic.in

અમારી વેબસાઈટની મુલાકત લો: www.thegic.in

સ્થળ: ધ ગિફ્ટ ઇન્ટરનેશનલ સેન્ટર,

બ્લોક નંબર ૩૮, ઝોન-૩, તાપસ માર્ગ, જિલ્લો ગાંધીનગર, ૩૮૨૩૫૫, ગિફ્ટ સિટી: ગુજરાત, ભારત.

અમારી વેબસાઈટની મુલાકાત લેવા માટે ક્યૂઆર કોડને સ્કેન કરો.